મંદિરની બિલાડી

એન્ડ્રુ ક્લેમેન્ટસ

ચિત્ર: કેટ કેસલર



મંદિરની બિલાડી

એન્ડ્રુ ક્લેમેન્ટ્સ

ચિત્ર: કેટ કેસલર



નેબાના પ્રાચીન શહેરમાં એક મંદિર હતું,

અને એ મંદિરમાં એક બિલાડી રહેતી હતી.

બિલાડી ફક્ત ત્યાં રહેતી ન હતી.

એ બિલાડી એ મંદિરની દેવી હતી.

જ્યારથી એ એક બિલાડીનું બચ્ચું હતી
ત્યારથી એની પાસે એના નોકર હતા જે
દિવસ-રાત એની દેખભાળ અને કાળજી
રાખવા સિવાય બીજું કંઈ કરતા ન હતા.

એ એને ખવડાવતા હતા.
એ એને માટે સંગીત વગાડતા હતા.
એ એને માટે નૃત્ય કરતા હતા.
એ એને માટે એક પવિત્ર અગ્નિ પ્રજ્વલિત રાખતા હતા.



એ એને ભગવાનની જેમ પૂજતા હતા.

કોઈને પણ યાદ નથી
કે એ દેશના લોકોએ
બિલાડીઓની પૂજા ક્યારે શરુ કરી હતી,
બિલાડીને નિશ્ચિતરૂપથી ખબર ન હતી,
અને એને એની પરવા ન હતી.
એ બસ એટલું જાણતી હતી કે
મંદિરના ભગવાન બનવામાં
બહુ મજા ન હતી.

જયારે એ પ્રતિબિંબ પડતા તળાવમાં
માછલી પકડવાની કોશિશ કરતી,
તો કોઇ નોકર દોડીને
એના માટે માછલી પકડતો
અને પછી એને જડીબુટ્ટી
અને મસાલા સાથે રાંધતો
અને એને એક નાના સોનેરી કટોરામાં પીરસતો.



જયારે એ સૂર્યપ્રકાશમાં બારીના
ઠંડા પથ્થર પર સૂતી,
તો એક નોકર એને ધીરેથી
ઉપાડતો અને એને એના ગાદલાના
મુલાયમ લાલ ઓશિકા પર ફરી
સૂવડાવી દેતો.

જયારે એ રાતે એકલી ભટકવા ચાહતી
અને ચાંદીમાં ઉડતા શલભને પકડવા
મથતી અને પોતાના પડછાયાથી
પોતાને જ બીવડાવવા ચાહતી,
તો કોઈ નોકર પંખો અને ટોર્ચ
લઈને એની પાછળ-પાછળ ચાલતો
અને બધી મજા બગાડી નાખતો.



આંગણાના એના સૌથી ઊંચા સ્થાનેથી,
સૌથી ઊંચા નોકરની પહોંચથી ઉપર,
ત્યાં બદામના વૃક્ષની સૌથી ઊંચી ડાળી પરથી,
એ મંદિરની દીવાલોથી ઘણે દૂર
સુધી જોઈ શકતી હતી.
ત્યાં શેરીમાં બાળકો રમી રહ્યા હતા,
અને ત્યાં દુનિયાની બધી બિલાડીઓ
આઝાદ ભટકી રહી હતી.



એટલે એક રાતે મોડેથી, એ મંદિરમાંથી
ચુપકીદીથી ધુમાડાના ગોટાની જેમ
બહાર નીકળી ગઈ.

પહેલા આંગણામાંથી, પછી એક શેરીમાંથી ગલીમાં,
વાડની ઉપરથી, ખેતરમાં થઇને, એક ટેકરીની ઉપર,
એક ચરાણમાં થઇને, એક રસ્તાને કિનારે,
એક ગામમાં થઇને
અંતે, એ સૂર્યોદયના સમયે
એક નાના કોઠારમાં આરામ કરવા રોકાણી.
અને ત્યાં એ એટલી સરસ સૂતી
જેટલી એ પહેલા ક્યારેય સૂતી ન હતી.

અને એવી રીતે એણે બીજી ત્રણ રાત યાત્રા કરી.

પછી એ સમુદ્રના કિનારે પહોંચી ગઈ.

ત્યાં ઠંડી હતી, અને એ એક નાની ઝૂંપડી તરફ ગઇ,

જ્યાં રેતી પર એક ધુમાડો કરતી આગ સળગી રહી હતી.

એ સાવધાનીથી આગની રોશનીના ઘેરામાં આવી

અને મ્યાઉં મ્યાઉં કરવા લાગી.

રાતે ભટકવામાં અને ખાધા વગર રખડવાથી

બિલાડી સાવ દુબળી-પાતળી અને થોડી જંગલી દેખાઇ રહી હતી.

કોઈ પણ, ત્યાં સુધી કે મંદિરના એના નોકર પણ

હવે વિચારી ન શકે કે એ ભગવાન હતી.



ત્યાં ખરબચડા સ્ટૂલ પર બેઠેલા માણસે
એને માટે માછલીનું એક માથું ફેંક્યું.
એની જિંદગીમાં પહેલી વાર,
નાની બિલાડીએ વાસ્તવિક બિલાડીનું ખાવાનું ખાધું.
એટલું સ્વાદિષ્ટ ભોજન
બિલાડીએ પહેલા ક્યારેય ચાખ્યું ન હતું.

અને પછી જયારે બિલાડીએ ઘુરઘુર અવાજ કર્યો
અને માછીમારના પગ સાથે ઘર્ષણ કર્યું,
ત્યારે એણે બિલાડીના કાન પાછળ ખંજવાળ્યું.
બિલાડીને પહેલા કોઇ વસ્તુમાં
આટલી મજા ક્યારેય આવી ન હતી.

બીજે દિવસે સવારે માછીમારના છોકરા
તેજ સૂર્યપ્રકાશમાં નાચતા-નાચતા બહાર આવ્યા,
અને ત્યાં જ અટકી ગયા.

અને પછી, એ પહેલા કે બિલાડીને ખબર પડે
કે એની સૌથી વહાલી ઇચ્છા શું હતી,
એ પૂરી થઇ ગઇ.
એ બાળકો સાથે રમી,
અને બાળકોએ એને ખૂબ પ્રેમ આપ્યો.